॥ जयन्तु वीतरागाः ॥

# શ્રમણવીર વર્ધમાનસ્વામીનો આદેશ

## "उवसमसारं खु सामण्णं"

'શ્રમણવીર વર્ધમાન પરમાત્માના અનુયાયી' તરીકેનું ગૌરવ લેનાર અથવા એ વિષે દાવો કરનાર આપણે સૌ દર વર્ષે પર્યુષણ-પર્વ ઉજવીએ છીએ અને આ વર્ષે અને ભિવષ્યનાં આપણી જિંદગી દરમિયાનનાં વર્ષોમાં પણ એ જ પ્રમાણે કરીને આપણે પર્યુષણપર્વની આરાધના કર્યાનો આત્મસંતોષ ધારીશું. પરંતુ એ વિષેની કર્તવ્યનિષ્ઠાવાળા આપણે છીએ કે નહિ એનો વિચાર આપણે ભાગ્યે જ કરીએ છીએ-કરીશું. એ જ કારણ છે કે પરમ-પાવન ધર્માનુષ્ઠાનો-ધર્મક્રિયાઓ આરાધવા છતાં આપણા જીવનમાં આંતરિક ગુણોની વૃદ્ધિનું દર્શન થતું નથી અથવા નહિ જેવું જ થાય છે. આજની આપણી ધાર્મિક અને સામાજિક મંદ દશાનું કારણ આમાં જ સમાયેલું છે, અને એ જ કારણને લીધે આજની પરિસ્થિતિમાં આપણા ધાર્મિક તેમ જ સામાજિક જીવનને લગતા અવશ્ય વિચા-રણીય અનેક મહત્ત્વના પ્રશ્નો આપણી નજર સામે આવવાને બદલે તિથિચર્ચા જેવા અતિસામાન્ય પ્રશ્નોની ચર્ચા અને વિવાદ-વિતંડા-વાદ પાછળ આપણી બધીયે જીવનશક્તિઓ વેડફાઇ રહી છે; એટલું જ નહિ પણ એ નિર્માલ્ય પ્રશ્નો પાછળ પરમાત્મા શ્રી. વીરવર્ધમાન પ્રભુની—

"**उवसमसारं खु सामण्णं**" અર્થાત્ "મારું શ્રામણ્ય એટલે મારા ધર્મનો સ્વીકાર,-પછી એ પંચમહાવ્રતરૂપ હો, બાર-વ્રતરૂપ હો કે માત્ર મારી આજ્ઞાપ્રત્યે શ્રદ્ધારૂપ હો,-ઉપશમપ્રધાન છે, ક્ષમાભાવ-સમભાવ ઉપર અવલંબેલો છે."

આ મૂળભૂત આજ્ઞાને પણ આપણે વીસરી ગયા છીએ, અને પરિણામે આજ સુધીના આપણા નિર્ધારિત પ્રશ્નોનો ઉકેલ આણવાને બદલે આપણે-આપણામાંનો લગભગ ઘણો મોટો ભાગ-આક્ષેપપ્રતિક્ષેપ અને બીજાના દોષો જોવા-શોધવામાં અટ-વાઇ પડયા છીએ.

આજે આપણી સમજમાં ન આવે તેવી વાત છે કે મહા-યોગી મહર્ષિ શ્રી આનંદઘનજીની જૈનદર્શનના પરમરહસ્યભૂત અનેકાન્ત સિદ્ધાંતને રજુ કરતી "ષડ્ દર્શન જિનઅંગ ભણીજે" એ પંક્તિને ગાનારા અને ગાઇને પ્રસન્ન થનારા આપણે જ્યારે એમ માનવા જરાએ તૈયાર નથી કે "સર્વ તિથિ જિનઅંગ ભણીજે" ત્યારે તો આપણને આપણા વિવેકની અવધિ જ લાગે છે. જો આપણો વિવેક માત્ર "ષડ્ દર્શન જિનઅંગ ભણીજે" એ પંક્તિને ગાવા સુધી જ આવીને અટકી જતો હોય અને એ લઘુ દેખાતા મહા-વાક્યમાં સમાયેલી જૈનદર્શનની પરમગંભીર સૈદ્ધાંતિક દૃષ્ટિને જોઇ-વિચારી ન શકતો હોય તો આ પંક્તિ ગાવાનો કે ગાઇને પ્રસન્ન થવાનો કશો જ અર્થ નથી. વિચારવા જેવી બાબત છે કે જો પરસ્પર વિરુદ્ધ અને મેળ વિનાની સર્વ દર્શનકારોની વિવિધ માન્ય-તાઓને બંધબેસતી કરવા માટે અને તેનો મેળ મેળવવા માટે જૈનદર્શન તૈયાર હોય તો તિથિ વિષેની કે તેવી બીજી બાહ્ય અને સ્થૂલસ્વરૂપ ભિન્ન ભિન્ન માન્યતાઓ અંગેનો મેળ જૈનદર્શન કેમ ન મેળવી શકે કે જેથી આજની ઉગ્ર બનેલી સ્થિતિ શાંત રૂપ ધારણ કરે?

આપણા સામે ઉપસ્થિત થતા પ્રશ્નોને એમાં રહેલી સૈદ્ધાંતિક દૃષ્ટિએ વિચારવામાં આવે તો ઘણા ખરા પ્રશ્નો સહેજમાં જ ઉકે-લાઇ જાય. પણ જો એ સૈધ્ધાંતિક દૃષ્ટિને દૂર રાખવામાં આવે તો આજની આપણી કઢંગી દશાનો ઉકેલ બીજો એકકેય નથી. ગયા સૈકાનો ઇતિહાસ આપણને કહી જ રહ્યો છે કે આ સૈધ્ધાંતિક દૃષ્ટિ ન હોવાને કારણે જૈન શ્રીસંઘ સામે જેટલા પ્રશ્નો કે પ્રસંગો આવ્યા તે પૈકીના એકકેયને જૈન શ્રીસંઘ કે જેમાં વિદ્વાન આચાર્યો વગેરેનું મુખ્ય સ્થાન છે તે ઉકેલી શકયો નથી. દરેકે દરેક પ્રશ્નો એની મેળે મરી ગયા છે અને એમાંના ઘણાય આજે આપણે કોઠે પણ પડી ગયા છે. આજે આપણને વિચાર કરતાં સ્પષ્ટ રીતે જણાય છે કે આ જાતની સૈધ્ધાંતિક દૃષ્ટિ આપણામાં ન હોવાને લીધે સેંકડો વર્ષોમાં, જેમને આપણે આપણા વિરોધી કે પ્રતિસ્પર્ધી ગણીએ તેમણે જેટલી હાનિ જૈન ધર્મને નહિ પહોંચાડી હોય, તે કરતાં અનેકગણી ઝાંખપ આપણે પોતે થઇને માત્ર ગત એક જ સૈકામાં જૈનધર્મને લગાડી છે.

જૈનધર્માનુયાયી તરીકે પોતાની જાતને ઓળખાવનાર દરેક વ્યક્તિની એ ફરજ છે કે એણે પોતાના જીવનમાં આ જાતની સૈદ્ધાંતિક દૃષ્ટિ કેળવવી જ જોઇએ. આમ છતાં જૈનધર્મના અગ્રગણ્ય ગણાતા અથવા ગણાવા ઇચ્છનાર આચાર્યાદિ સાધુવર્ગમાં અને શાણા તેમ જ વિજ્ઞ ગૃહસ્થવર્ગમાં તો આ જાતની સૈદ્ધાન્તિક દૃષ્ટિ આવવી જ જોઇએ. જો જીવનમાં સૈદ્ધાન્તિક દૃષ્ટિનો મેળ નહિ હોય તો શ્રમણ ભગવાન્ શ્રીવીર પરમાત્માની **उवसमसारं खु सामण्णं** એ આજ્ઞા જીવંતરૂપે કદિએ કામ કરનાર નથી. અને જો તેમ નથી તો આપણી પર્યુષણપર્વની આરાધના જરાય સફળ નથી. આજે તો આપણને એ અનુભવ પ્રત્યક્ષ થાય છે કે જેમ જેમ આપણે વધારે ને વધારે પર્યુષણપર્વની આરાધના કરીએ છીએ તેમ તેમ એ મહાપર્વને નામે જ આપણે ઉપશમ એટલે સમ-ભાવથી દૂર ને દૂર પડતા જઇએ છીએ અને મૈત્ર્યાદિ ભાવનાઓ આપણામાંથી અદૃશ્ય થઇ જાય છે.

ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તોત્રના ત્રીજા પ્રકાશના અંતે—

**मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।**
**कृपोपेक्षाप्रतीक्ष्याय, तुभ्यं योगात्मने नमः ॥**

આ શ્લોક દ્વારા વીતરાગદેવની સ્તુતિ કરી છે. તેનો સાર એ છે કે પ્રાણી માત્રના જીવનવિકાસની શરૂઆત મૈત્રી આદિ ચાર ભાવનાઓના બીજારોપથી થાય છે અને એ ચાર ભાવનાની સંપૂર્ણતા એ જ પરિપૂર્ણ યોગદશાનું અથવા સંપૂર્ણ જીવન-વિકાસનું સ્વરૂપ છે. એવી પરિપૂર્ણ અવસ્થાએ પહોંચેલ વીતરાગ૦ દેવને આ શ્લોકમાં નમસ્કાર કરવામાં આવ્યો છે.

પર્યુષણપર્વનો આરાધના કરનાર આપણે સાવધાનપણે આત્મ-દર્શન કરી જાણી લેવું જોઇયે કે આજના કલુષિત વાતાવરણ, કલુષિત ઉપદેશ અને કલુષિત વર્તમાનપત્રોએ આપણા જીવનપ્રવાહને એવો અવળો વેગ આપ્યો છે કે જેથી આપણા જીવનમાં આપણી જીવન સાધનાની મુખ્ય ભૂમિકારૂપ મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ પૈકી મૈત્રીભાવનાનું સ્થાન વૈરભાવનાએ, પ્રમોદભાવનાનું સ્થાન અસહિષ્ણુતાએ, કૃપાભાવનાનું સ્થાન હિંસાવૃત્તિએ અને ઉપેક્ષાભાવનાનું સ્થાન નિંદાએ લીધું છે. આપણા એકધારા સર્વતોમુખી પતનનું કારણ જો કાંઇ પણ હોય તો આ જ છે.

પર્યુષણપર્વની વિશુદ્ધ રીતે આરાધના કરવા ઇચ્છનાર આપણે વિવેકભર્યું જીવન જીવવા પ્રયત્ન કરવો, મૈત્ર્યાદિક ભાવનાઓ કેળ૦ વવી અને જીવનમાં સૈદ્ધાંતિક દૃષ્ટિ મેળવવી એ જ સાચી પર્યુષણ-પર્વની આરાધના છે. અને એ જ સ્વ-પર કલ્યાણનું મુખ્ય અંગ છે એમ માનીને જ આપણે ચાલવું જોઇએ.

વડોદરા
શ્રાવણ વદિ ૭ } મુનિ પુણ્યવિજયજી